# અક્ષરપાર્કમાં દુકાન પર પથ્થરમારો કરી તોડફોડ કરનાર ત્રણ શખ્સો ઝડપાયા

ભાવનગર,તા.૨૧

ભાવનગરના બોરતળાવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ અક્ષરપાર્કમાં ગઈકાલે થયેલી મારામારી અને તોડફોડના બનાવમાં પોલીસે ત્વરિત અને કડક કાર્યવાહી કરી છે. ફરિયાદીની દુકાન પર પથ્થરમારો કરી, નુકસાન પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપનાર ત્રણ આરોપીઓને બોરતળાવ પોલીસે ગણતરીના કલાકોમાં જ દબોચી લઈ લોકઅપ હવાલે કર્યા છે.



ભાવનગર રેન્જ આઈ.જી. આર.વી. અસારી, એસ.પી. નિતેશ પાંડેય અને ડીવાયએસપી આર.આર. સિંઘાલના માર્ગદર્શન હેઠળ તેમજ ઈન્ચાર્જ પી.આઈ. વી.સી. જાડેજાની સૂચનાથી અસામાજિક તત્વો સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. અક્ષરપાર્ક વિસ્તારની આ ઘટના અંગે બોરતળાવ પોલીસ મથકમાં બી.એન.એસ. કલમ-૧૨૫(એ), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ અને ૩૨૪(૨) મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનો દાખલ થતા જ બોરતળાવ સર્વેલન્સ અને પોલીસ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કરાયા હતા. જેમાં પોલીસે શૈલેશભાઈ ધનજીભાઈ પરમાર રહે. ખારીયા હનુમાન, અક્ષરપાર્ક, ભાવનગર,નરેશભાઈ ઉર્ફે મખ્ખી પ્રવિણભાઈ પરમાર રહે. ખારીયા હનુમાન, અક્ષરપાર્ક, ભાવનગર તથા મનિષભાઈ નરેશભાઈ બારૈયા રહે. રામદેવનગર, ભાવનગર સહીત ત્રણ શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે એક આરોપી સન્ની રાજુભાઈ મકવાણા રહે. માઢીયા રોડ, બાથાભાઈના ચોક પાસે, ભાવનગર વાળો હજુ ફરાર હોવાથી તેને પકડવા તજવીજ ચાલુ છે.

# ભાવનગરમાં બાળરોગ નિષ્ણાંતો સાથે યોજવામાં આવી વર્ચ્યુલ બેઠક

## ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણો ધરાવતા બાળકોને તુરંત સર ટી. હોસ્પિટલ ખસેડવા તબીબોને સૂચના

ભાવનગર,તા.૨૧

ભાવનગર શહેર અને જિલ્લામાં ચાંદીપુરા વાયરસના વધતા કેસો અને ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે શહેર અને જિલ્લાની તમામ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં કામ કરતા બાળરોગ નિષ્ણાંતો (પિડિયાટ્રિશિયન્સ) સાથે એક મહત્વપૂર્ણ ઓનલાઈન સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઓનલાઈન બેઠકમાં સર ટી. હોસ્પિટલના બાળ આરોગ્ય વિભાગના વડા ડૉ. મેહુલ ગોસાઈ દ્વારા ચાંદીપુરા વાયરસના લક્ષણો, આગોતરી ઓળખ અને તેની સારવાર સંદર્ભે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

બેઠક દરમિયાન સરકારી અને ખાનગી તબીબોને ખાસ આહ્વાન કરવામાં આવ્યું હતું કે, જો તેમની પાસે ચાંદીપુરા વાયરસના લક્ષણો ધરાવતો કોઈ પણ શંકાસ્પદ બાળ દર્દી આવે, તો તેને પ્રાથમિક સારવાર આપી વિલંબ કર્યા વિના તુરંત સર ટી. હોસ્પિટલમાં રિફર કરવો. આરોગ્ય તંત્ર દ્વારા તમામ ખાનગી હોસ્પિટલોને સતર્ક રહેવા અને સહયોગ આપવા તાકીદ કરવામાં આવી છે.

# ચાંદીપુરા વાયરસ અંગે નાગરિકોને સાવચેતી રાખવા મનપાના આરોગ્ય વિભાગની અપીલ

ભાવનગર,તા.૨૧

ભાવનગર મહાપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં ચાંદીપુરા રોગના સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને નાગરિકોને સતર્ક રહેવા અને જરૂરી સાવચેતીના પગલાં ભરવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે.

ચાંદીપુરા રોગ મુખ્યત્વે ૦ થી ૧૫ વર્ષના બાળકોમાં જોવા મળે છે અને તેનો ફેલાવો સેન્ડફ્લાય (રેતી માખી)ના કરડવાથી થતો હોય છે. આ સેન્ડફ્લાય સામાન્ય માખી કરતા કદમાં ખૂબ જ નાની હોય છે, જે ખાસ કરીને ઘરની અંદર તેમજ બહારની દીવાલોની તિરાડો, પશુવાડા, ભેજવાળા સ્થળો તેમજ ગાર-લીંપણવાળા ઘરોની દીવાલોના છિદ્રોમાં રહેતી હોય છે. આથી આવા સ્થળોની નિયમિત સફાઈ રાખવી અને દીવાલોની તિરાડો તથા છિદ્રો પૂરાવી દેવા અત્યંત જરૂરી છે.

આરોગ્ય વિભાગે વધુમાં જણાવ્યું છે કે જો ૦ થી ૧૫ વર્ષ સુધીના બાળકોમાં સતત વધુ પડતો તાવ, ઝાડા-ઊલટી, ખેંચ આવવી તેમજ અર્ધસભાન કે બેભાન થવા જેવા લક્ષણો જોવા મળે, તો તેને સામાન્ય તાવ સમજી અવગણવાની ભૂલ ન કરવી. આ રોગથી બચવા માટે ઘરમાં પૂરતો સૂર્યપ્રકાશ અને હવાની અવરજવર રહે તેવી વ્યવસ્થા કરવી, બાળકોને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સુવડાવવા, ખુલ્લા શરીરે બહાર કે ધૂળમાં રમવા ન દેવા અને આખું શરીર ઢંકાય તેવા કપડાં પહેરાવવા અનુરોધ કરાયો છે. કોઈપણ ગંભીર લક્ષણો જણાય તો દર્દીને જરાય વિલંબ કર્યા વગર તાત્કાલિક સર ટી. હોસ્પિટલ ખાતે લઈ જઈ નિદાન અને સારવાર કરાવવા તથા આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા જાળવી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવા મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ દ્વારા અપીલ કરવામાં આવી છે.

**૧૫ વર્ષ સુધીના બાળકોમાં તાવ, ઉલટી કે ખેંચ જેવા લક્ષણો દેખાય તો તુરંત સર ટી. હોસ્પિટલ પહોંચવા અનુરોધ**

# પુત્રને બચાવવા જતા પિતાએ જીવ ગુમાવ્યો,તળાજાના વેજોદરી ગામે તળાવમાં ડૂબી જવાથી પશુપાલકનું મોત

**દાઠા પોલીસ, ફાયર વિભાગ અને NDRFની જહેમત બાદ તળાવનો પાળો તોડી આધેડનો મૃતદેહ બહાર કઢાયો**







તસવીર : મથુર ચૌહાણ

તળાજા,તા ૧

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના વેજોદરી ગામે એક અત્યંત કરુણ ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં પોતાના પુત્ર અને ભેંસને બચાવવા માટે તળાવમાં પડેલા પિતાનું ડૂબી જવાથી કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું આ બનાવથી સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાયો હતો.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, તળાજા તાલુકાના વેજોદરી ગામમાં રહેતા અને પશુપાલન સાથે સંકળાયેલા ભગવાનભાઈ ઉર્ફે ફુલાભાઈ બાલાભાઈ ધાપાના પુત્ર તુલશી ભેંસ ચરાવવા ગયો હતો. આ દરમિયાન એક ભેંસ તળાવમાં ફસાઈ જતા તુલશી તેને કાઢવા તળાવમાં ઉતર્યો હતો અને તે પણ ફસાવા લાગ્યો હતો. પુત્રને ફસાયેલો જોઈને પિતા ભગવાનભાઈએ પણ તળાવમાં છલાંગ લગાવી હતી. આ ઘટનામાં પુત્ર અને ભેંસ સહીસલામત બહાર નીકળી ગયા હતા, પરંતુ પિતા ભગવાનભાઈ ઉંડા પાણીમાં ગરકાવ થઈ લાપતા બન્યા હતા.

ઘટનાની જાણ થતાં જ દાઠા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. કે.સી. રેવર તેમના સ્ટાફ સાથે, તળાજા ફાયર બ્રિગેડ, ઈમર્જન્સી ૧૧૨ પોલીસ અને દ્રઢઈક્ષની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. તંત્ર અને સ્થાનિક તરવૈયાઓની મદદથી ભારે શોધખોળ હાથ ધરવામાં આવી હતી. છેવટે તળાવનો પાળો તોડીને ભારે જહેમત બાદ ભગવાનભાઈનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. પોલીસે મૃતદેહને પીએમ અર્થે તળાજાની હોસ્પિટલમાં ખસેડી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ કરુણ ઘટનાથી સમગ્ર ગામમાં ભારે શોક છવાયો છે.

# મહુવાના નાના ખુટવડામાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## જુવારના ઢગલામાં સંતાડેલો રૂ.૨૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્તઃ એકની અટકાયત, સપ્લાયર ફરાર

ભાવનગર,તા.૨૧

ભાવનગર જિલ્લાના બગદાણા પોલીસની ટીમે બાતમીના આધારે મહુવા તાલુકાના નાના ખુટવડા ગામે દરોડો પાડી રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી ૧૦૯ બોટલ સાથે એક શખ્સની અટકાયત કરી હતી જ્યારે દારૂ સપ્લાય કરનાર અન્ય એક આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બગદાણા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે નાના ખુટવડા ગામે પ્રાથમિક શાળા પાછળ રહેતો હરેશભાઈ અરજણભાઈ ગોહિલ ઉ.વ.૨૩ પોતાના ફળિયામાં જુવારના ઢગલામાં વિદેશી દારૂ સંતાડીને તેનું વેચાણ કરે છે. બાતમીવાળી જગ્યાએ પોલીસે પંચોને સાથે રાખી રેડ કરી હતી. તપાસ દરમિયાન જુવારના ઢગલામાંથી મધ્યપ્રદેશ અને ગોવા પાસિંગની 'પોલેન્ડ પ્રાઈડ ઓરેન્જ વોડકા'ની ૫૫ અને 'નેશનલ ઓરેન્જ વોડકા'ની ૫૪ મળી કુલ ૧૦૯ નાની બોટલ કી.રૂ.૧૫,૨૬૦) મળી આવી હતી.

પોલીસે દારૂનો જથ્થો અને ૫,૦૦૦ ની કિંમતનો એક મોબાઈલ મળી કુલ રૂ.૨૦,૨૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીની પૂછપરછમાં આ દારૂ ઓથા ગામના ઉદય ઉર્ફે રોયલ સોલંકીએ આપ્યો હોવાની કબૂલાત કરતા પોલીસે બંને આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની કલમ 65-A, 116-B અને ૮૧ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રિટર્ન ફાઈલિંગમાં નાની ભૂલ પણ ભારે પડી શકેઃ કરદાતાઓએ સાવચેત રહેવું અનિવાર્ય

## આવકવેરા વિભાગ દ્વારા ડેટા મેચિંગ પ્રક્રિયા વધુ કડક કરાઈ; વિસંગતતા જણાશે તો સીધી નોટિસ આવી શકે

ભાવનગર,તા.૨૧

આવકવેરા વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જોકે, આ વર્ષે વિભાગે ડેટા મેચિંગ અને ચકાસણીની પ્રક્રિયાને અભૂતપૂર્વ રીતે કડક બનાવી દીધી છે. હવે માત્ર મોટી કરચોરીના કિસ્સામાં જ નહીં, પરંતુ ITRમાં નાની-મોટી વિસંગતતા કે ક્લેરિકલ ભૂલ જણાય તો પણ કરદાતાઓને સીધી નોટિસ મળી શકે છે.

ભાવનગર ઈન્કમટેક્સ બાર એસોસિએશનના દિવ્યકાન્ત સલોતે આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું છે કે, આવકવેરા વિભાગ હવે કરદાતાના ITRને સીધું AIS (એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ), TIS (ટેક્સપેયર ઈન્ફોર્મેશન સમરી), ફોર્મ 26AS તેમજ બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી મળેલા ડેટા સાથે ક્રોસ-વેરિફાય કરશે. જો SFT (સ્પેસિફાઈડ ફાઈનાન્સિયલ ટ્રાન્ઝેક્શન) અને AISમાં દર્શાવેલી આવક કરદાતાના ITR સાથે મેચ નહીં થાય, તો સિસ્ટમ જનરેટેડ નોટિસ જારી થઈ શકે છે.

વિશેષ કરીને ખોટી બાદબાકીનો દાવો કરવો, TDS/TCSનો ખોટો ક્લેમ કરવો, તેમજ HRA (હાઉસ રેન્ટ એલાઉન્સ), કલમ 80C અને 80D હેઠળ ખોટા કે અપૂરતા દસ્તાવેજો રજૂ કરવા જેવી બાબતો પર વિભાગની તીક્ષ્ણ નજર રહેશે. આવકવેરા વિભાગ આ અંગે SMS અને ઈ-મેલ દ્વારા પણ કરદાતાઓને સતત જાગૃત કરી રહ્યું છે. આથી, તમામ કરદાતાઓને અનુરોધ છે કે તેઓ પોતાનું ITR ફાઈલ કરતા પહેલા AIS, TIS અને ફોર્મ 26AS બરાબર ચકાસી લે અને તમામ આવકનું સાચું નિવેદન કરે જેથી ભવિષ્યની કાનૂની મુશ્કેલીઓથી બચી શકાય.

# ખદરપર ગામમાં વીજ કરંટ લાગતા ૨૨ વર્ષીય મહિલાનું મોત

ભાવનગર,તા.૨૧

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ખદરપર ગામમાં એક અત્યંત અરેરાટીભરી ઘટના સામે આવી છે. ગામના વાડી વિસ્તારમાં વીજ કરંટ લાગવાથી એક ૨૨ વર્ષીય પરણિતાનું કરૂણ મોત નિપજતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી વિગતો અનુસાર, ખદરપર ગામે વાડી વિસ્તારમાં રહેતા ધરમબા રાજદીપસિંહ ગોહિલ (ઉંમર આશરે ૨૨ વર્ષ) પોતાના ખેતરે ઈલેક્ટ્રિક મોટર ચાલુ કરવા માટે ગયા હતા. તે દરમિયાન અકસ્માતે તેઓ લાઈવ વાયરના સંપર્કમાં આવી જતાં તેમને તીવ્ર વીજ કરંટ લાગ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર અર્થે તળાજાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબોએ પ્રાથમિક તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસ દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મૃતક મહિલાને છ માસની દીકરી હોવાનું જાણવા મળ્યું છે, જેથી નિરાધાર બાળકીએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ભારે અરેરાટી છવાઈ ગઈ છે.

# જેસરના તાતણીયા ગામે પ્રાકૃતિક કૃષિ અંગે કિસાન ગોષ્ઠિ યોજાઈ

## પ્રાકૃતિક ખેતી, માર્કેટિંગ અને સરકારી યોજનાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન અપાયું

ભાવનગર,તા.૨૧

ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના તાતણીયા ગામ ખાતે આત્મા પ્રોજેક્ટ, ભાવનગર દ્વારા પ્રાકૃતિક કૃષિના પ્રોત્સાહન અને ખેડૂતોમાં જાગૃતિ લાવવાના હેતુથી કિસાન ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આત્માના અધિકારી અજીતસિંહ ગોહિલે પ્રાકૃતિક કૃષિના મૂળભૂત સિદ્ધાંતો, મૂલ્યવર્ધન તેમજ કૃષિ ઉત્પાદનોના માર્કેટિંગ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના તાલુકા પ્રોજેક્ટ મેનેજર વિજયભાઈ બંધિયાએ પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ અને તેના લાભો વિશે સમજાવ્યું હતું. જ્યારે ગ્રામ સેવક ભાવસિંહ ઝાલાએ ખેડૂતોને વિવિધ કૃષિલક્ષી સરકારી યોજનાઓનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



કાર્યક્રમમાં પ્રગતિશીલ ખેડૂત રમેશભાઈ રાદડિયાએ પોતાના સફળ અનુભવો રજૂ કરી અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રેરણા આપી હતી. અંતમાં ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત સભ્ય, ગામના સરપંચ, ઉપસરપંચ, કૃષિ સખી તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# EPS-95 પેન્શનધારકોની વહારે આવવા ભાવનગરના બંને કેન્દ્રીય મંત્રીઓને અપીલ

## ૧૧ વર્ષના સતત આંદોલન બાદ વડીલોનો રોષ ચરમસીમાએઃ ૧૫મી ઓગસ્ટ પછી આત્મવિલોપન કરવાની ઉગ્ર ચીમકી

ભાવનગર,તા.૨૧

દેશભરના EPS-95 યોજના હેઠળના વડીલ પેન્શનધારકો લઘુત્તમ પેન્શન વધારીને રૂ.૭૫૦૦ પ્લસ મોંઘવારી ભથ્થું કરવાની માગ સાથે છેલ્લા ૧૧ વર્ષથી ગાંધી ચિંધ્યા માર્ગે લડત ચલાવી રહ્યા છે. સરકાર તરફથી માત્ર પોલા આશ્વાસનો જ મળતા હવે ૭૫થી ૮૫ વર્ષના વડીલોમાં ભારે અસંતોષ અને રોષ વ્યાપ્યો છે. આ અંગે ભાવનગર જિલ્લા




EPS-95 પેન્શનર્સ સંઘના પ્રમુખ ખીમજીભાઈ યાદવે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાને આક્રમક અપીલ કરતા જણાવ્યું હતું કે, "સાહેબ, તમે ગુજરાતી છો. આ વડીલોનો પ્રશ્ન વહેલી તકે પતાવો અને તેમને રોડ પર આવતા બંધ કરી સત્તાવાર નિર્ણય જાહેર કરો."

સંઘ દ્વારા સ્થાનિક કલેક્ટર, સાંસદો, કેન્દ્રીય મંત્રી નીમુબેન બાંભણિયા અને નાણામંત્રીને ઈમેલ મારફતે રજૂઆતો મોકલાઈ છે. નેશનલ એજિટેશન કમિટીના પ્રમુખ કમાન્ડર અશોક રાઉત અત્યાર સુધીમાં ૩૪૮ જેટલા સાંસદો અને મંત્રીઓને મળી ચૂક્યા છે, છતાં કોઈ જ નક્કર પરિણામ આવ્યું નથી. RTI મુજબ પેન્શન ફંડમાં પૂરતું નાણાકીય ભંડોળ હોવા છતાં સરકાર દાદ આપતી નથી.

ન્યાય ન મળવાની સ્થિતિમાં પેન્શનરોએ ૧૫મી ઓગસ્ટ પછી આત્મવિલોપન જેવા આત્યંતિક પગલાં ભરવાની ગંભીર ચેતવણી આપી છે. આ માટે ગુજરાતમાંથી ૧૫૦૦થી વધુ વડીલોએ નામો નોંધાવી દીધા છે, જેમાં ટૂંક સમયમાં ભાવનગરના પેન્શનરોના નામો પણ ઉમેરાશે.

# ગઢડાના હોળાયા નજીકથી દેશી તમંચા સાથે એક શખ્સ ઝડપાયો

બોટાદ,તા.૨૧

બોટાદ જિલ્લા SOG પોલીસે ગઢડા પંથકમાં પેટ્રોલિંગ દરમિયાન દેશી હથિયાર સાથે એક શખ્સની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. . ગઢડા પોલીસ સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો.તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે ગઢડા રોડ પર આવેલા હોળાયા ગામ પાસેથી મુકેશભાઈ ઉર્ફે હકો હરેશભાઈ પારેખ (રહે. હોળાયા) નામના ઈસમને અટકાવવામાં આવ્યો હતો. તેની તલાશી લેતા પોલીસને તેની પાસેથી રૂ.૫,૦૦૦ની કિંમતનો એક



હાથ બનાવટનો દેશી તમંચો મળી આવ્યો હતો. પોલીસે દેશી તમંચા અને રૂ.૧૦,૦૦૦ ના એક મોબાઈલ ફોન સહિત કુલ ૧૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# ભારત-યુકે CETA: વચનોને સાકાર કરવાની દિશામાં એક પગલું

## જુલાઈ ૨૦૨૫માં હસ્તાક્ષર કર્યા પછી, CETA ૧૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ તમામ સ્થાનિક કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ અમલમાં આવ્યો

ભારતનો યુનાઈટેડ કિંગડમ સાથેનો વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) ભારતના વિદેશી વેપાર બંધોમાં એક મહત્વપૂર્ણ વળાંક દર્શાવે છે. જ્યારે ભારતનું આર્થિક એકીકરણ ઓછામાં ઓછા છેલ્લા બે દાયકાથી પૂર્વ એશિયાઈ દેશો સાથે જોડાયેલું છે, ત્યારે યુનાઈટેડ કિંગડમ ૧૯૭૦ના દાયકાથી યુરોપિયન આર્થિક એકીકરણનો ભાગ રહ્યું છે. બંને અર્થતંત્રો માટે, CETA એક મુખ્ય પરિવર્તન અને તેમની બાહ્ય આર્થિક ભાગીદારીને વૈવિધ્યીકરણ તરફ એક નિર્ણાયક પગલું રજૂ કરે છે. જુલાઈ ૨૦૨૫માં હસ્તાક્ષર કર્યા પછી, CETA ૧૫ જુલાઈ, ૨૦૨૬ના રોજ તમામ સ્થાનિક કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ અમલમાં આવ્યો છે. આ વાટાઘાટોથી અમલમાં પ્રવેશ સુધીની સમગ્ર સફર દર્શાવે છે. આ ઉજવણીની ક્ષણ છે અને બંને દેશો માટે તેમના લાંબા સમયથી ચાલતા ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને આગલા સ્તર પર લઈ જવાની તક છે.



CETA ભારતના ઉત્પાદન આધાર, તેના સેવા ક્ષેત્રની મજબૂતાઈ અને આપણા કુશળ કાર્યબળની વૈશ્વિક માંગમાં વિશ્વાસ દર્શાવે છે. કરારની મજબૂતાઈઓમાં શ્રમ-સઘન ક્ષેત્રો માટે બજાર ઍક્સેસ, સેવાઓની હિલચાલ અને આર્થિક સહયોગના નવા ક્ષેત્રોનો સમાવેશ પર ભાર મૂકવામાં આવે છે. CETA શક્ય તેટલું વ્યાપક છે અને ભારતના આગામી પેઢીના વેપાર કરારો માટે એક આદર્શ મોડેલ તરીકે સેવા આપે છે.આ કરારનું મહત્વ તેના કદ અને સંતુલનમાં પણ રહેલું છે. ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે દ્વિપક્ષીય વેપાર પહેલાથી જ આશરે ૫૬ બિલિયન ડોલર સુધી પહોંચી ગયો છે, અને બંને દેશોએ ૨૦૩૦ સુધીમાં તેમના વેપારને બમણું કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ કરાર વધુ નિશ્ચિતતા અને આગાહી સાથે તે લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે એક માળખું પૂરું પાડે છે. અને ભારત-યુનાઈટેડ કિંગડમ રોડમેપ ૨૦૩૦નીવ્યાપક વ્યૂહાત્મક દિશાને પણ પ્રતિબિંબિત કરે છે. આ કરાર તે દ્રષ્ટિને સાકાર કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે, અને તેની અસર સમય જતાં અનુભવાશે.

આ સમજૂતીનું મુખ્ય લક્ષણ ભારતીય નિકાસ માટે બજાર પ્રવેશ સુનિશ્ચિત કરવાનું છે. ભારતીય સામાનને યુનાઈટેડ કિંગડમમાં લગભગ ૯૯% ટેરિફ લાઈન પર ડ્યુટી-ફ્રી ઍક્સેસ મળશે. જે વેપાર મૂલ્યના લગભગ ૧૦૦%નું પ્રતિનિધિત્વ કરે છે. આ કાપડ અને વસ્ત્રો, ચામડું અને ફૂટવેર, દરિયાઈ ઉત્પાદનો, રમતગમતના સાધનો, રત્નો અને આભૂષણ, રમકડાં અને પ્રોસેસ્ડ ફૂડ જેવા શ્રમ-સઘન ક્ષેત્રોમાં સ્પર્ધાત્મકતાને મજબૂત બનાવશે. આ ક્ષેત્રોનું મૂલ્ય આશરે ૧૫૦ બિલિયન અમેરિકન ડોલર હોવાનો અંદાજ છે. આ એવા ક્ષેત્રો છે જેમાં ભારત નોંધપાત્ર ક્ષમતા, કૌશલ્ય અને નિકાસ ક્ષમતા ધરાવે છે, અને જ્યાં બજાર ઍક્સેસ સીધી રીતે નોકરીઓ અને આવકની તકોમાં રૂપાંતરિત થઈ શકે છે. યુનાઈટેડ કિંગડમના મુખ્ય સપ્લાયર તરીકે, વસ્ત્રો અને ઘરના કાપડ બજારમાં ૬.૮% હિસ્સો ધરાવતા, CETA ભારતના કાપડ અને વસ્ત્ર ઉદ્યોગને નોંધપાત્ર રીતે વેગ આપશે તેવી અપેક્ષા છે. ઉપરાંત, ચીન, બાંગ્લાદેશ અને અન્ય એશિયાઈ પુરવઠાકર્તા દેશોની સરખામણીએ ભારતના સ્પર્ધાત્મક અંતરને ઘટાડવામાં પણ આ કરાર મદદરૂપ બનશે. આનાથી ભારતને યુનાઈટેડ કિંગડમના ૮.૭ બિલિયન અમેરિકન ડોલરના ચામડા અને ફૂટવેર બજારમાં મોટી નિકાસ તક પણ મળશે. આ કરાર માત્ર ટેરિફ રાહત જ નહીં પરંતુ સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME), નાના વ્યવસાયો, કારીગરો અને મહિલાઓના નેતૃત્વ હેઠળના વ્યવસાયો માટે વધુ નોકરીઓ અને બજારની તકોનું સર્જન પણ કરે છે.

આ કરાર કૃષિ, મત્સ્યઉદ્યોગ (ખાસ કરીને ફ્રોઝન ઝીંગા અને પ્રોન) અને ખાદ્ય પ્રક્રિયા સંબંધિત નિકાસ માટે નવી તકો પણ ખોલે છે. વધુમાં, આ કરાર ભારતના સંવેદનશીલ ક્ષેત્રો, જેમ કે ડેરી, સફરજન, અનાજ અને ખાદ્ય તેલનું રક્ષણ કરવા માટે કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે. આ પૈકીના કેટલાક સંવેદનશીલ ઉત્પાદનોને કરારની જોગવાઈઓમાંથી બહાર રાખવામાં આવ્યા છે અથવા તો ટેરિફ રેટ ક્વોટા તથા તબક્કાવાર ઉદારીકરણ જેવી વ્યવસ્થાઓ દ્વારા તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી છે.વૈશ્વિક અર્થતંત્ર વધુને વધુ સેવાઓ-આધારિત બની રહ્યું છે, અને બંને અર્થતંત્રોમાં નોંધપાત્ર તુલનાત્મક ફાયદા છે. CETA ભારતના નિકાસ માટે મહત્વપૂર્ણ તમામ મુખ્ય સેવા ક્ષેત્રો અને ૧૩૭ પેટા-ક્ષેત્રોને આવરી લે છે. આમાં IT અને IT-સક્ષમ સેવાઓ, નાણાકીય અને વ્યાવસાયિક સેવાઓ, વ્યવસાય સલાહ, શિક્ષણ, ટેલિકોમ્યુનિકેશન, આર્કિટેક્ચર અને એન્જિનિયરિંગનો સમાવેશ થાય છે. કરારમાં નવીન નાણાકીય સેવાઓ અને ફિનટેક, રેગટેક અને નાણાકીય ક્ષેત્રની વિવિધતામાં સહયોગ માટેની પ્રતિબદ્ધતાઓનો પણ સમાવેશ થાય છે.

ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચેનો આ નવો આર્થિક કોરિડોર મુખ્યત્વે વ્યાવસાયિક ગતિશીલતાને સંબોધિત કરે છે. CETA કરાર-આધારિત સેવા પ્રદાતાઓ, વ્યવસાયિક મુલાકાતીઓ, કંપનીમાં સ્થાનાંતરિત થતા કર્મચારીઓ અને ફ્રીલાન્સ વ્યાવસાયિકો માટે સરળ માર્ગો પૂરા પાડે છે. CETA વ્યાવસાયિક લાયકાતોની પરસ્પર માન્યતા માટે એક માળખું પણ સ્થાપિત કરે છે, જેમાં પરસ્પર હિતની વ્યાવસાયિક સેવાઓ ઓળખવા અને આવા કરારો પૂર્ણ કરવા માટે સ્પષ્ટ સમયરેખાઓ હોય છે. CETA ભારતની સાંસ્કૃતિક અને વ્યાવસાયિક પ્રતિભાને પણ ઓળખે છે અને વાર્ષિક ૧,૮૦૦ ભારતીય રસોઈયાઓ, યોગ પ્રશિક્ષકો અને શાસ્ત્રીય સંગીતકારો માટે તકો પૂરી પાડશે. આનાથી સ્પષ્ટ થાય છે કે ગતિશીલતા ફક્ત ચોક્કસ વ્યાવસાયિકો વિશે નથી, પરંતુ પ્રતિભાઓની શ્રેણી વિશે પણ છે જે ભારત પાસે યુનાઈટેડ કિંગડમને પ્રદાન કરવાની અનન્ય તકો છે.

ભારતીય વ્યાવસાયિકો માટે બીજો એક મહત્વપૂર્ણ ફાયદો ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શન છે, જે CETA સાથે એકસાથે અમલમાં આવ્યો હતો. આનાથી ભારતીય કર્મચારીઓ અને તેમના નોકરીદાતાઓને પાંચ વર્ષ માટે યુનાઈટેડ કિંગડમમાં સામાજિક સુરક્ષા યોગદાન ચૂકવવાથી મુક્તિ મળશે. આ સોશિયલ સિક્યોરિટી કન્ટ્રીબ્યૂશન, જેનો અંદાજ વાર્ષિક આશરે ૬૦૦ મિલિયન અમેરિકન ડોલર છે. તે ભારતીય વ્યાવસાયિકો માટે એક નાનો ખર્ચ હતો જેઓ ટૂંકા ગાળાના અથવા કામચલાઉ કામ માટે યુનાઈટેડ કિંગડમ ગયા હતા પરંતુ પેન્શન અથવા અન્ય સામાજિક સુરક્ષા લાભો મેળવવા માટે લાંબા સમય સુધી રહી શક્યા ન હતા. આ આશરે ૭૫,૦૦૦ ભારતીય વ્યાવસાયિકો અને તેમના નોકરીદાતાઓ માટે એક મોટી રાહત છે.

કોઈપણ આધુનિક મુક્ત વેપાર કરાર (FTA) સહકારના નવા ક્ષેત્રોને સમાવિષ્ટ કરવા માટે માલ અને સેવાઓ માટે બજાર ઍક્સેસના પરંપરાગત અવકાશથી આગળ વધશે. CETA એ સરકારી ખરીદી, બૌદ્ધિક સંપદા અધિકારો (IPR) અને વેપાર અને ટકાઉ વિકાસ સંબંધિત મુદ્દાઓ, જેમ કે પર્યાવરણ, શ્રમ, લિંગ સમાનતા અને ભ્રષ્ટાચાર વિરોધી પગલાં પર સંતુલિત નિયમો અપનાવ્યા છે. આ આધુનિક વેપાર કરારો માટે નવા પરિમાણોનું પ્રતિનિધિત્વ કરે છે. સરકારી ખરીદી અંગે, CETA સૂક્ષ્મ અને નાના સાહસો માટે જાહેર પ્રાપ્તિ નીતિ આદેશ હેઠળ સૂક્ષ્મ, નાના અને મધ્યમ સાહસો (MSME)ને પ્રાથમિકતા આપવા માટે ભારતના નીતિ અવકાશને જાળવી રાખે છે. વધુમાં, જ્યારે યુનાઈટેડ કિંગડમના સપ્લાયર્સ શ્રેણી-II સ્થાનિક સપ્લાયર્સ તરીકે ભાગ લેવા માટે પાત્ર રહેશે, ત્યારે ભારતીય સપ્લાયર્સ શ્રેણી-૧ સ્થાનિક સપ્લાયર્સ તરીકે પ્રાથમિકતા પ્રાપ્ત કરવાનું ચાલુ રાખશે. તેવી જ રીતે. ભારતે IPR પરના પ્રકરણ પર વ્યાપક વાટાઘાટો હાથ ધરી છે, ફરજિયાત લાઈસન્સ જારી કરવાનો અથવા જો જરૂરી હોય તો અન્ય વિશેષ જોગવાઈઓનો ઉપયોગ કરવાનો અધિકાર અનામત રાખ્યો છે.આ કરારનું વ્યાપક મહત્વ ભારતના "વિકસિત ભારત ૨૦૪૭"ના વિઝન સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે. હવે બંને ભાગીદાર દેશો સમક્ષ વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલા વચનોના અમલીકરણનો પડકાર છે. CETAના અમલ સાથે, ભારત અને યુનાઈટેડ કિંગડમ પાસે આવનારા દાયકાઓમાં એક મજબૂત, રચનાત્મક અને જન-કેન્દ્રિત ભાગીદારીનું નિર્માણ કરવાની એક દુર્લભ તક ઉપલબ્ધ થઈ છે.

-રાજેશ અગ્રવાલ,
સચિવ - વાણિજ્ય વિભાગ

# ગુજરાતના ૨૮ IAS, GAS કેડરના ૧૩ અધિકારીઓની કરાઈ બદલી

## ૫ જિલ્લાઓમાં નવા જિલ્લા વિકાસ અધિકારીઓની નિમણુંક, વીજ કંપનીઓમાં મહત્વની નિમણૂકો કરાઈ

ગાંધીનગર,તા.૨૧

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ (GAD) દ્વારા રાજ્યના વહીવટી તંત્રમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યપાલની મંજૂરી બાદ ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ ૨૮ IAS અને GAS કેડરના ૧૩ અધિકારીઓની બદલી અને નવી નિમણૂકના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. અધિક મુખ્ય સચિવ (પર્સનલ) ડૉ. અંજુ શર્મા દ્વારા આ અંગેનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. વિવિધ સરકારી નિગમો, વીજ કંપનીઓ, મહાનગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોમાં અધિકારીઓની નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. ગૌરાંગભાઈ એચ. મકવાણાની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (UGVCL), મહેસાણાના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ,કે. જે. રાઠોડને દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL), સુરતના મેનેજિંગ ડિરેક્ટરની જવાબદારી,એમ. ડી. ચૂડાસમાની પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL), રાજકોટના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક તથા ડી. કે. પટેલને ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA), ગાંધીનગરના ડિરેક્ટર બનાવાયા. આ ઉપરાંત પ્રભાવ જોશીને GIDC, ગાંધીનગરના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે જવાબદારી અપાઈ છે. જયારે સુથાર રાજ રમેશચંદ્રને પોરબંદર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તરીકે, આઈ. આર. વાળાને જૂનાગઢ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તરીકે અને સ્મિત સંતોષ લોઢાને સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

જિલ્લા વિકાસ અધિકારી (DDO) તરીકે પણ મહત્વની નિમણૂકો કરવામાં આવી છે. એચ. જે. પ્રજાપતિને અમરેલી, કે. પી. જોશીને દેવભૂમિ દ્વારકા, ડી. કે. બ્રહ્મભટ્ટને ગાંધીનગર, હિરેન જિતેન્દ્રભાઈ બારોટને દાહોદ અને કે. એસ. ઝાલાને ડાંગ-આહવા DDO તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.એમ. પી. પંડ્યાને ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર, બી. કે. જોશીને રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝ, સી. બી. ગણાત્રાને ગુજરાત સ્ટેટ સિવિલ સપ્લાયઝ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને પી. બી. રાઠોડને ડિરેક્ટર, સ્કિલ ડેવલપમેન્ટ તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે. સરકારના વહીવટી તંત્રને વધુ સુગઠિત અને કાર્યક્ષમ બનાવવા માટે આ બદલીઓ અને નિમણૂકો કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. સામાન્ય વહીવટ વિભાગના ઉપસચિવ જેમીન શાહ દ્વારા સંબંધિત વિભાગો અને અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ કક્ષાના ૧૩ અધિકારીઓની બદલી અને નવી નિમણૂકના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. આ મુજબ વી. કે. પટેલને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, એ. કે. પ્રજાપતિને અરવલ્લી-મોડાસા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડિરેક્ટર, ડી. એન. સાતાણીને ગાંધીનગરના સિવિલ સપ્લાય્સ વિભાગના જોઈન્ટ ડિરેક્ટર, જી. વી. મિયાણીને ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના સેક્રેટરી અને વાય. એસ. ચૌધરીને ગુજરાત ટૂરિઝમ કોર્પોરેશનના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. ઉપરાંત એ. કે. કલસારિયાને ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ નિયામક કચેરીમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી, એમ. આર. પ્રજાપતિને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સેક્રેટરી અને કે. એસ. ડાભીને વલસાડના રેસિડેન્ટ એડિશનલ કલેક્ટર તરીકે નિમણૂક કરાઈ છે. ડી. એમ. ગોહિલને સુરતની વિશલેષણ કમિટીના જોઈન્ટ કમિશનર, એ. એ. ડોડિયાને અમરેલીના રેસિડેન્ટ એડિશનલ કલેક્ટર, જ્યારે પી. સી. દવે અને બી. આર. અહીરને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત કે. બી. પટેલને કમિશનર ઓફ જિયોલોજી એન્ડ માઈનિંગના એડિશનલ ડિરેક્ટર તરીકેનો વધારાનો હવાલો આપવામાં આવ્યો છે.

# દિલ્હીના જંતર મંતર ખાતે યોજાયેલ માર્ચમાં ભાવનગરથી યુવાનો અને AAP નેતા જોડાયા

ભાવનગર,તા.૨૧

દિલ્હીના ઐતિહાસિક જંતર મંતર ખાતે એક વિશાળ માર્ચ (પીસફુલ માર્ચ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન અને માર્ચમાં સહભાગી થવા માટે ગુજરાતના ભાવનગરથી પણ યુવાનો અને નાગરિકો ખાસ દિલ્હી પહોંચ્યા હોવાના બિનસત્તાવાર અહેવાલ પ્રાપ્ત થયા છે.

બીજી તરફ, આમ આદમી પાર્ટીના ભાવનગરના પ્રાદેશિક અગ્રણી અને નેતા બ્રિજરાજ સોલંકી પણ આ શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનમાં હાજર રહ્યા હતા.તેમ જાણવા મળ્યું છે. ભાવનગરથી દિલ્હી પહોંચેલા આ તમામ પ્રતિનિધિઓએ જંતર મંતર ખાતે આયોજિત પીસફુલ માર્ચમાં સક્રિયપણે ભાગ લઈ પોતાની ઉપસ્થિતિ નોંધાવી હતી.



# સુત્રાપાડાની સોલાજ પ્રાથમિક શાળામાં દીપડાનાં આંટા ફેરા

ઉના,તા.૨૧

સુત્રાપાડાના સોલાજ ગામની શ્રી સોલાજ પ્રાથમિક શાળામાં પણ દીપડાના અવારનવાર પ્રવેશની ઘટના સામે આવતા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. શાળાના આચાર્ય દ્વારા સુત્રાપાડા રેન્જના વન વિભાગને લેખિત રજૂઆત કરીને જણાવ્યું છે કે શાળામાં બાલવાટિકાથી ધોરણ-૮ સુધી કુલ ૧૯૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

# ગઢડા પોલીસે ભરણપોષણના કેસમાં નાસતા ફરતા આરોપીને ઝડપી લીધો

## ભુજની પાલારા ખાસ જેલ ખાતે મોકલી આપાયો

બોટાદ,તા.૨૧

ભુજ ફેમિલી કોર્ટ દ્વારા ભરણપોષણના કેસમાં સજા પામેલા અને છેલ્લા ઘણા સમયથી પોલીસ પકડથી દૂર રહેલા એક આરોપીને ગઢડા પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે.બોટાદ SP ધર્મેન્દ્ર શર્માની સજા વોરંટની બજવણી કરવાની કડક સૂચનાથી ગઢડા પોલીસ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. આરોપી વિજયભાઈ ધનજીભાઈ ચાવડા (રહે. પડવદર, તા. ગઢડા) ભુજની ફેમિલી કોર્ટના બે અલગ-અલગ કેસમાં વોન્ટેડ હતો.

તેને ભરણપોષણ પેટે અનુક્રમે રૂ.૭૨,૦૦૦ અને રૂ.૯૭,૦૦૦ ની રકમ ન ચૂકવવા બદલ ગત ૦૪/૦૨/૨૦૨૬ ના રોજ કોર્ટે અનુક્રમે ૧૮૦ દિવસ અને ૨૪૦ દિવસની સાદી કેદની સજા ફટકારી હતી. પોતાની ધરપકડ ટાળવા તે લાંબા સમયથી ભાગતો ફરતો હતો. આખરે ગઢડા પોલીસે તેને ઝડપી પાડી, ભુજની પાલારા ખાસ જેલ ખાતે મોકલી આપવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૨૩/૨૦૨૬**
**જન્મ તા.૦૧/૦૬/૧૯૫૯**

**શ્રી વિનુબા બળવંતસિંહ ગોહિલ,**
**રહે.દરબારગઢ, થોરડી, તા.જિ.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**થોરડી ગ્રામ પંચાયત કચેરી, મુ. થોરડી, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વિનુબા બળવંતસિંહ ગોહિલ રહે. દરબારગઢ, થોરડી, તા.જિ.ભાવનગરએ પોતાના ભત્રીજી શ્રી રસીકબા માવસંગભા ગોહિલનો જન્મ તા.૦૧/૦૬/૧૯૫૯ના રોજ થોરડી મુકામે થયેલ છે. તે અન્વય આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૨૯/૨૦૨૬**
**જન્મ તારીખ ૧૪/૦૪/૧૯૫૪**

**શ્રી કુલસમ સુલતાનખાં પઠાણ W/O ગફારબેગ મિર્જા,**
**રહે. રેલવે સ્ટેશન રોડ, અમીપરા,**
**ભાવનગર. મો-૯૫૦૪૩૧૩૩૧૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કુલસમ સુલતાનખાં પઠાણએ તેમનો જન્મ તા.૧૪/૦૪/૧૯૫૪ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૯/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૭૧/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૮/૦૫/૧૯૬૮**

**શ્રી સૈયદ હવાબેન યાકુબભાઇ,**
**રહે. મદીના મસ્જીદ પાસે, નવાપરા,**
**ભાવનગર. મો.૯૭૨૩૪૦૪૧૦૮**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સૈયદ હવાબેન યાકુબભાઈએ તેમના પુત્રી રૂકસાના યાકુબભાઇ સૈયદનો જન્મ તા.૨૮/૦૫/૧૯૬૮ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૯/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૦૭/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૯/૧૦/૨૦૨૨**

**શ્રી લતીફ કાસમ ભટ્ટી,**
**રહે. મફતનગર નવી મિલની ચાલી, કુંભારવાડા,**
**ભાવનગર. મો-૯૫૦૪૩૧૩૩૧૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લતીફ કાસમ ભટ્ટીએ તેમના પુત્ર હૈદર લતીફ ભટ્ટીનો જન્મ તા.૨૯/૧૦/૨૦૨૨ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૫/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૭૦/૨૦૨૬**
**જન્મ તારીખ ૦૩/૦૧/૧૯૬૨**

**શ્રી ડેરૈયા જમાલભાઇ મામજીભાઇ,**
**રહે. મદીના મસ્જીદ પાસે, નવાપરા,**
**ભાવનગર. મો.૯૭૨૩૪૦૪૧૦૮**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ડેરૈયા જમાલભાઈ મામજીભાઈએ તેમના પુત્ર સલીમ જમાલભાઇ ડેરૈયાનો જન્મ તા.૦૩/૦૧/૧૯૬૨ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૯/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૦૩/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૩/૦૬/૧૯૭૭**

**શ્રી જુબેદાબેન રહીમભાઈ કળદોરિયા,**
**રહે. મોમીનવાડ, મદ્રેસાની સામે,**
**ભાવનગર. મો-૯૫૦૪૩૧૩૩૧૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જુબેદાબેન રહીમભાઈ કળદોરિયાએ તેમના પુત્રી રહેના રહીમભાઈ કળોદરિયાનો જન્મ તા.૨૩/૦૬/૧૯૭૭ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૫/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૦૨/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૨/૧૨/૧૯૬૯**

**શ્રી નઝીમભાઈ હુસેનભાઈ ડેરૈયા,**
**રહે. ઇદગાહ મસ્જીદ પાસે, નવાપરા,**
**ભાવનગર. મો-૯૫૦૪૩૧૩૩૧૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નઝીમભાઈ હુસેનભાઈ ડેરૈયાએ તેમનો જન્મ તા.૨૨/૧૨/૧૯૬૯ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૫/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

# ભાવનગરના સિકંદર પાસે હથિયારો પહોંચે તે પૂર્વે જ ખેડામાં ઝડપાયા



ભાવનગર,તા.૨૧

મધ્યપ્રદેશથી ભાવનગર તરફ લવાઈ રહેલા અગ્નિશાસ્ત્રોના એક મોટા નેટવર્કનો સેવાલીયા પોલીસે પર્દાફાશ કર્યો છે. ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના અમદાવાદ-ઈન્દોર હાઈવે પર આવેલી મહરાજના મુવાડા નવી ચેકપોસ્ટ પાસેથી પોલીસે સઘન ચેકિંગ દરમિયાન ગેરકાયદેસર હથિયારોનો જથ્થો ભરેલી સ્વિફ્ટ કાર સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યા મુજબ આ હથિયારો ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા એક નામચીન શખ્સને સપ્લાય કરવા માટે લઈ જવામાં આવી રહ્યા હતા.

મળતી વિગતો અનુસાર, સેવાલીયા પોલીસ સ્ટેશનના સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે ગોધરા તરફથી અમદાવાદ તરફ જઈ રહેલી સફેદ રંગની મારુતિ સ્વિફ્ટ કાર નંબર GJ 03 PR 5063માં ત્રણ શખ્સો ગેરકાયદે હથિયારો લઈને પસાર થઈ રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે સ્થાનિક પંચોને સાથે રાખીને ચેકપોસ્ટ પર સઘન નાકાબંધી હાથ ધરી હતી. બાતમી મુજબની કાર આવતાં જ પોલીસે તેને ઘેરી લીધી હતી અને કારમાં સવાર ત્રણ ઈસમોની અટકાયત કરી હતી.

પોલીસે પકડેલા શખ્સોની પૂછપરછ કરતાં કાર ચાલકે પોતાનું નામ આશિષકુમાર ગગજીભાઈ પાટડીયા (રહે. જોષીપુરા, જૂનાગઢ), બાજુની સીટ પર બેઠેલા શખ્સે શશાંકસિંહ અરૂનસિંહ રાજપુત (મૂળ યુ.પી., હાલ રહે. જૂનાગઢ) અને પાછળ બેઠેલા શખ્સે પ્રવિણભાઈ ગીગાભાઈ વાળા (રહે. ગંજીવાડા, રાજકોટ) હોવાનું જણાવ્યું હતું.ત્યારબાદ પોલીસે કારની ઝીણવટભરી જડતી લેતા ડ્રાઈવર સીટની બાજુની ખાલી સીટ નીચેથી એક વાદળી રંગનું પેન્ટ મળી આવ્યું હતું, જેના બંને પગના ભાગે ગાંઠો મારેલી હતી. આ ગાંઠો છોડીને તપાસ કરતા તેમાંથી ભારતીય હાથબનાવટની ૪ દેશી પિસ્ટલ, ૧ સોનેરી રંગની રિવોલ્વર, કાળા રંગના ૨ લોખંડના ખાલી મેગેઝીન તેમજ ૪૦ નંગ જીવતા કારતૂસ જે પૈકી ૩૦ પર KF 765 લખેલું હતું તે મળી આવ્યા હતા. આરોપીઓ પાસે આ હથિયારોનો કોઈ કાયદેસરનો પરવાનો નહોતો.

પોલીસની આકરી પૂછપરછ દરમિયાન આરોપી શશાંકસિંહે કબૂલાત કરી હતી કે આ તમામ ગેરકાયદેસર શસ્ત્રો મધ્યપ્રદેશના છોટુભાઈ નામના વ્યક્તિ પાસેથી ખરીદવામાં આવ્યા હતા. આ જથ્થો ભાવનગરના કુંભારવાડા ખાતે રહેતા સિકંદર ઉર્ફે સિક્કો અવેશભાઈ કટિયા મિયાણા નામના શખ્સે મંગાવ્યો હતો અને તેઓ આ હથિયારો ભાવનગર પહોંચાડવા જઈ રહ્યા હતા.

પોલીસે ૫ હથિયારો(કિંમત રૂ.૧,૨૫,૦૦૦), ૪૦ કારતૂસ, રૂ. ૩૦,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ આઈફોન, સેમસંગ, ઓપો અને રૂ.૫,૦૦,૦૦૦ની સ્વિફ્ટ કાર મળી કુલ રૂ. ૬,૬૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ હથિયારો ભાવનગરમાં કયા ગુનાહિત હેતુસર મંગાવવામાં આવ્યા હતા તે અંગે ભાવનગર અને સેવાલીયા પોલીસ દ્વારા ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે.

**ચાર પિસ્ટલ, એક રિવોલ્વર અને ૪૦ કારતૂસ સહીત રૂ. ૬.૬૦ લાખના મુદ્દામાલ સાથે ૩ શખ્સો ગિરફ્તાર ; પૂર્વ બાતમીના આધારે પોલીસે નાકાબંધી કરી કારને ઘેરી લઈ ગેંગને દબોચી લીધી**

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની મોલ્ડોવા મુલાકાત

## દ્વિપક્ષીય બેઠકમાં કેન્દ્રીય મંત્રી નિમુબેન સહિત ઉચ્ચસ્તરીય ડેલીગેશન વાટાઘાટોમાં જોડાયા

**દ્વિપક્ષીય બેઠકમાં આર્થિક સહયોગ, AI, કૃષિ, હેલ્થકેર અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા પર વિશેષ ભાર મુકાયો**



ભાવનગર,તા.૨૧

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુની મોલ્ડોવાની પ્રથમ ઐતિહાસિક રાજ્ય મુલાકાત વેળાએ ઉચ્ચસ્તરીય ભારતીય પ્રતિનિધિમંડળ પણ તેમની સાથે જોડાયું છે. આ મહત્ત્વપૂર્ણ પ્રવાસમાં રાષ્ટ્રપતિ સાથે ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન જયંતીભાઈ બાંભણિયા પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા છે. ચિસીનાઉ એરપોર્ટ પર ઉષ્માભર્યા સ્વાગત બાદ પ્રેસિડેન્શિયલ પેલેસ ખાતે મોલ્ડોવાના રાષ્ટ્રપતિ મેડમ માયા સેન્ડુ સાથે દ્વિપક્ષીય બેઠક અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો યોજાઈ હતી.

બેઠક દરમિયાન બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ વધારવા, વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા, સપ્લાય ચેઈન મજબૂત કરવા તથા કનેક્ટિવિટી સુધારવા પર ખાસ ચર્ચા કરવામાં આવી હતી. ભારતે મોલ્ડોવન વ્યાવસાયિકો માટે ITEC તાલીમ સ્લોટ્સની સંખ્યા બમણી કરવાનો નિર્ણય લીધો છે, જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) જેવા ઉભરતા ક્ષેત્રોના અભ્યાસક્રમો શામેલ છે. આ ઉપરાંત, મોલ્ડોવન રાજદ્વારીઓને ભારતમાં AI અને સાયબર ડિપ્લોમસીના વિશેષ કોર્સ માટે આમંત્રણ અપાયું હતું. બંને દેશો કૃષિ, લોજિસ્ટિક્સ, હેલ્થકેર, રિન્યુએબલ એનર્જી અને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે પરસ્પર સહયોગ મજબૂત કરવા સંમત થયા છે.

# સગીરાની છેડતી અને હેરાનગતિના કેસમાં ૩ શખ્સોને ૩-૩ વર્ષની સજા

**સગીરાનો પીછો કરી, ચિઠ્ઠી આપી માનસિક ત્રાસ ગુજારનાર શખ્સો સામે પોકસો અદાલતની લાલ આંખ: રૂ. ૫,૦૦૦ નો રોકડ દંડ ફટકાર્યો**

ભાવનગર,તા.૨૧

ભાવનગર શહેરના બોરતળાવ પોલીસ મથક વિસ્તારમાં પાંચેક વર્ષ અગાઉ એક સગીરા જ્યારે સ્કૂલે આવતી-જતી ત્યારે તેનો પીછો કરી, છેડતી કરવાના પોકસો (ઁઝ્રજી) એક્ટ હેઠળના ગુનામાં અદાલતે ત્રણેય આરોપીઓને કસૂરવાર ઠરાવી ૩-૩ વર્ષની સખત કેદની સજા અને રોકડ દંડ ફટકાર્યો છે.

કેસની પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૨૭/૧૨/૨૦૨૧ના રોજ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી કે, ૧૪ વર્ષ અને ૬ માસની સગીરા ઘરેથી સ્કૂલે જતી હતી ત્યારે આરોપી મહેન્દ્ર ઉર્ફે હકુ નાથાભાઈ પડાયા (ઉ.વ.૨૪), સાવન આલજીભાઈ વાઘેલા (ઉ.વ.૨૨) અને કરણ હિતેષભાઈ મકવાણા (ઉ.વ.૧૮) મોટરસાઈકલ પર તેનો પીછો કરતા હતા. આ શખ્સો સગીરાને રસ્તામાં રોકીને પરાણે વાત કરવાનો પ્રયાસ કરતા, સીટીઓ મારતા અને ઈશારા કરતા હતા. આરોપી સાવને સગીરાને મહેન્દ્રનો મોબાઈલ નંબર લખેલી ચિઠ્ઠી આપવાનો પણ પ્રયાસ કર્યો હતો. તેમજ મુખ્ય આરોપીએ સગીરાને જોઈ લેવાની ધમકી આપી માનસિક ત્રાસ આપ્યો હતો. પોલીસે આ મામલે ઈ.પી.કો. કલમ ૩૫૪(ડી), ૫૦૬(૧), ૧૧૪ તથા પોકસો એક્ટની કલમ ૧૨, ૧૭, ૧૮ મુજબ ગુનો નોંધી ધરપકડ કરી હતી.

આ કેસ ભાવનગરના બીજા એડિશનલ સેશન્સ જજ અને સ્પેશિયલ પોકસો જજની અદાલતમાં ચાલી ગયો હતો. જેમાં સરકારી વકીલ ગીતાબા પી. જાડેજાની અસરકારક દલીલો, તેમજ રજૂ કરાયેલા મજબૂત આધાર, પુરાવા અને સાક્ષીઓના નિવેદનોને અદાલતે ગ્રાહ્ય રાખ્યા હતા. કોર્ટે તમામ પુરાવાઓ ધ્યાને લઈ ત્રણેય આરોપીઓને ગુનેગાર ઠેરવી ૩-૩ વર્ષની સજા અને પ્રત્યેક આરોપી દીઠ રૂ. ૫,૦૦૦ નો રોકડ દંડ ભરવાનો ઐતિહાસિક હુકમ કર્યો છે. અદાલતના આ આકરા વલણથી રોમિયોગીરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# અમરગઢ ગામે નાઈટ પેટ્રોલીગના પોલીસ સ્ટાફ ઉપર હુમલો!

**શંકાસ્પદ ઈસમની પૂછપરછ કરવા જતા બે શખ્સોએ લાકડી વડે હુમલો કર્યો: હેડ કોન્સ્ટેબલ અને GRD જવાનને ઈજા**

ભાવનગર,તા.૨૧

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના સોનગઢ પોલીસ મથક હસ્તક આવતા અમરગઢ (જીંથરી) ગામે મોડી રાત્રે પેટ્રોલીંગ કરી રહેલી પોલીસ ટીમ પર બે શખ્સોએ જીવલેણ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. શંકાસ્પદ જણાતા એક બાઈક ચાલકની પૂછપરછ કરતા ઉશ્કેરાયેલા શખ્સે પોતાના કુટુંબીને લાકડી સાથે બોલાવી પોલીસ અને GRD જવાન પર હુમલો કરતા સોનગઢ પોલીસમાં બી.એન.એસ. કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, સોનગઢ પોલીસમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ રવજીભાઈ કાઠીયા તેમના સ્ટાફના ભૈયપાલસિંહ, GRD આસિફભાઈ અને હોમગાર્ડ જવાન સાથે સરકારી બોલેરોમાં નાઈટ પેટ્રોલીગમાં હતા. તા. ૨૧મી જુલાઈના રોજ મધરાતે ૧૨:૩૦ વાગ્યા આસપાસ અમરગઢ ગામે SBI બેન્ક પાસે એક ઈસમ હીરો સ્પ્લેન્ડર સાથે શંકાસ્પદ હાલતમાં ઉભો હતો. પોલીસે તેની ઓળખ પૂછતા તેણે પોતાનું નામ અમિતભાઈ ભોળાભાઈ હરણ રહે. અમરગઢ જણાવી "તમને મને પૂછવાનો કોઈ અધિકાર નથી" કહી પોલીસ સાથે જીભાજોડી કરી હતી. અમિતે ઉશ્કેરાઈ જઈ શક્તિસિંહને પકડી લીધા હતા અને મારી નાખવાની ધમકી આપી પોતાના કુટુંબી નિલેશભાઈ રબારીને લાકડી લઈને બોલાવ્યો હતો.નિલેશ રબારીએ આવીને શક્તિસિંહને માથાના ભાગે લાકડી મારવાનો પ્રયાસ કરતા તેઓ નમી ગયા હતા, પરંતુ વાંસાના ભાગે ઈજા પહોંચી હતી. વચ્ચે પડવા ગયેલા ય્ઇડ્ઢ જવાન અજયભાઈ પરમારને પણ મોઢાના ભાગે લાકડી વાગતા બે ટાંકા આવ્યા હતા. સરકારી ગાડીના ચાલક ભૈયપાલસિંહે વચ્ચે પડી અમિતને ઝડપી લીધો હતો, જ્યારે નિલેશ ભાગી છૂટ્યો હતો.આ બનાવ અંગે કંટ્રોલ રૂમમાં જાણ કરી ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સોનગઢ પોલીસે આ બનાવ અંગે બી.એન.એસ. કલમ ૧૦૯(૧), ૧૨૧(૧), ૧૧૮(૧), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા જી.પી.એ. ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાસરીયાના ત્રાસથી કંટાળી જઈ દડવા ગામે પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

**પતિના દારૂના વ્યસન અને સાસુના ત્રાસથી કંટાળી પરિણીતાએ ઝેરી દવા અને એસિડ પીધું: પતિ અને સાસુ સામે ફરિયાદ**

ભાવનગર,તા.૨૧

ભાવનગર જિલ્લાના સિહોરના રાજીવનગર ખાતે પરણાવેલી અને હાલ ઉમરાળા તાલુકાના દડવા ગામે માવતરે રિસામણે રહેતી એક ૩૫ વર્ષીય પરિણીતાએ સાસરીયાઓના શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને એસિડ અને ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો છે. મહિલાને સારવાર અર્થે ભાવનગરની પ્રમુખ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ મામલે પતિ અને સાસુ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, લાભુબેનના લગ્ન ૧૫ વર્ષ પહેલા સિહોરના ઘનશ્યામભાઈ દલપતભાઈ જોગદીયા સાથે થયા હતા. તેઓને સંતાનમાં બે બાળકો છે. છેલ્લા કેટલાક વર્ષોથી પતિ દારૂ પીને શંકા કરી મારઝૂડ કરતો હતો, જ્યારે સાસુ નંદુબેન ઘરકામ બાબતે ઝઘડા કરી માનસિક ત્રાસ આપતા હતા. આ ત્રાસથી કંટાળી લાભુબેન છેલ્લા ૧૪-૧૫ મહિનાથી દડવા ગામે પિયરમાં રિસામણે આવ્યા હતા. પિયરમાં આવ્યા બાદ પણ સાસરીયાઓ દ્વારા મહેણાંટોણા મારી ત્રાસ અપાતો હતો.આજરોજ સવારે ઘરમાં માતા-પિતા અને બાળકો ન હતા ત્યારે એકલતાનો લાભ લઈ, સાસરીયાઓના ત્રાસથી માનસિક રીતે ભાંગી પડેલા લાભુબેને ઘરમાં પડેલી ઘાસ બાળવાની ઝેરી દવા અને બાથરૂમ સાફ કરવાનું એસિડ પી લીધું હતું. તેમને ઉલ્ટીઓ થતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરિણીતાની ફરિયાદના આધારે ઉમરાળા પોલીસે બી.એન.એસ. કલમ ૮૫, ૧૧૫(૨), ૫૪ મુજબ પતિ અને સાસુ સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# ચાંદીપુરા વાયરસના વધુ એક શંકાસ્પદ બાળ દર્દીનું સર ટી.ના બીછાને મોત

**મેલાણાની બાળકીના મોત બાદ ગીર સોમનાથના બાળકનું નિધન, આરોગ્ય તંત્ર એલર્ટ મોડ પર**

ભાવનગર,તા.૨૧

ભાવનગર જિલ્લામાં વલ્લભીપુર તાલુકાના મેલાણા ગામની ૬ વર્ષીય બાળકીનું ગત તા. ૯-૭ના રોજ મોત નિપજ્યું હતું, જેનો રિપોર્ટ પોઝિટિવ આવતા જિલ્લામાં ચાંદીપુરાથી પ્રથમ મોત નોંધાયું હતું. આ ઘટના બાદ હવે સર ટી. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા વધુ એક શંકાસ્પદ બાળ દર્દીનું મોત થતાં ભારે ખળભળાટ મચી ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસઆર ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સેંદરડી ગામના પાંચ વર્ષિય બાળકને ચાંદીપુરાના લક્ષણો જણાતા મહુવાથી ભાવનગર સર ટી. હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો, જ્યાં વહેલી સવારે સઘન સારવાર દરમિયાન તેણે દમ તોડ્યો હતો.

મૃતક બાળકના સેમ્પલ ચકાસણી અર્થે ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર, ગાંધીનગર ખાતે મોકલવામાં આવ્યા છે અને તેના રિપોર્ટની હાલ રાહ જોવાઈ રહી છે. એક પોઝિટિવ અને એક શંકાસ્પદ મોતના પગલે જિલ્લા આરોગ્ય તંત્ર પૂર્ણ રીતે હરકતમાં આવી ગયું છે. રેપિડ રિસ્પોન્સ ટીમે અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચીને સઘન સર્વેલન્સ હાથ ધર્યું છે અને જરૂરી સેમ્પલો લીધા છે.


પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સર ટી. હોસ્પિટલના બાળ આરોગ્ય વિભાગમાં ચાંદીપુરા વાયરસ માટે અલાયદો આઈસોલેશન વોર્ડ શરૂ કરી દેવામાં આવ્યો છે. હાલ આ વોર્ડમાં ગારિયાધારના બે વર્ષિય શંકાસ્પદ બાળકને ઢસાથી રિફર કરીને સારવાર આપવામાં આવી રહી છે, જેની સ્થિતિ હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

**મેલાણા ગામમાં આરોગ્ય વિભાગની તપાસ, ૪૩ બાળકોનું પરીક્ષણ કરાયું**

વલ્લભીપુર તાલુકાના મેલાણા ગામમાં ચાંદીપુરા વાયરસનો પોઝિટિવ કેસ સામે આવતા આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભાવનગર સરકારી મેડિકલ કોલેજના નિષ્ણાત તબીબો અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપીડેમિઓલોજી (NIE)ના ચાર તજજ્ઞોની સંયુક્ત ટીમે અસરગ્રસ્ત ગામની મુલાકાત લીધી હતી. ટીમ દ્વારા ગામમાં જઈને કુલ ૪૩ બાળકોનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને જરૂરી રોગ નિદાન માટે ૪૧ બાળકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા. બીજી તરફ, ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કેસોના પ્રમાણ અને તેના લક્ષણો પર સંશોધન કરવા માટે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)ના વૈજ્ઞાનિકોની ટીમ પણ છેલ્લા કેટલાક સમયથી ભાવનગરમાં સક્રિય રીતે કામ કરી રહી છે. આ વૈજ્ઞાનિકોની ટીમે પણ સ્થળ પરથી વધુ બે સેમ્પલ એકત્ર કર્યા છે.આ સંશોધનો અને તપાસનો મુખ્ય હેતુ રોગચાળાના વ્યાપને સમજવાનો અને વાયરસનું સંક્રમણ આગળ વધતું અટકાવવાનો છે. આરોગ્ય વિભાગ દ્વારા સ્થાનિક વિસ્તારમાં જરૂરી તકેદારી અને દવાનો છંટકાવ સહિતના પગલાં લેવામાં આવી રહ્યા છે

# ઓદરકા ગામે હનુમાનજી મંદિરમાં ચોરી: ૩.૭૫ લાખના દાગીના ઉઠાવી ત્રણ તસ્કરો ફરાર

**કેમેરાની તોડફોડ કરી ત્રણેય તસ્કરો ચાંદીના છતર અને ગદા ચોરી ફરાર; CCTV આધારે ઘોઘા પોલીસની તપાસ શરુ**



ભાવનગર,તા.૨૧

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ઓદરકા ગામે આવેલા ઐતિહાસિક અને પૌરાણિક ધોળીયા ઓટાવાળા હનુમાનજી મંદિરમાં મોડી રાત્રે તસ્કરોએ ત્રાટકીને લાખો રૂપિયાની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. મંદિરમાંથી ચાંદીના છતર અને ગદા સહિત કુલ રૂ. ૩.૭૫ લાખની કિંમતના દાગીના ચોરાઈ જતાં સ્થાનિક ભક્તો અને ગ્રામજનોમાં રોષ વ્યાપ્યો છે.

ઓદરકા ગામના વતની બનેસિંહ હેંમતસિંહ ગોહિલ દ્વારા ઘોઘા પોલીસ મથકે નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૧૧ જુલાઈની સાંજે ૫:૩૦થી તા. ૧૨ જુલાઈની વહેલી સવારે ૫:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન આ ચોરીનો બનાવ બન્યો હતો. તસ્કરોએ પકડાઈ જવાના ડરથી મંદિરની અંદર લગાવેલા સીસીટીવી કેમેરાની તોડફોડ કરી હતી અને તેના વાયર કાપી નાખ્યા હતા.

વહેલી સવારે પૂજા મંદિર ખુલ્લું મૂકાતાં જ ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી. જોકે, મંદિરની સામે આવેલી એક દુકાનના સીસીટીવી ફુટેજ ચકાસતાં મોડી રાત્રે ત્રણ અજાણ્યા શખ્સો તસ્કરી કરતા સ્પષ્ટ કેદ થયેલા જણાયા હતા. આ ઘટના અંગે ઘોઘા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી, ફુટેજના આધારે આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# કાગળ પર 'મિશન મોડ': ?! મહાપાલિકા દ્વારા સઘન સર્વેના દાવા સામે ફિલ્ડમાં ટીમ ક્યાંય દેખાતી નથી !

ભાવનગર,તા.૨૧

ભાવનગર મહાપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા વાહકજન્ય રોગો અટકાવવાના નામે 'મિશન મોડ' પર સઘન સર્વે હાથ ધરાયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સરકારી ચોપડે ગત અઠવાડિયા દરમિયાન ૨૮૪ ટીમો અને ૫૭ સુપરવાઈઝરોએ ૧,૨૧,૬૭૨ ઘરો ખૂંદી વળી ૪,૮૬,૮૧૭ની વસ્તીને કવર કરી હોવાના આંકડા દર્શાવાયા છે. જોકે, ગ્રાઉન્ડ રિયાલિટી કંઈક અલગ જ ચિત્ર બતાવે છે. જાગૃત નાગરિકોમાં ચોપડે દેખાતી પણ ફિલ્ડમાં ગાયબ રહેતી આરોગ્ય ટીમો 'મિસ્ટર ઈન્ડિયા'ની જેમ અદ્રશ્ય થઈને કામગીરી કરી રહી છે કે કેમ, તેવો તીખો વ્યંગ થઈ રહ્યો છે.

મનપાના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, ૩.૬૯ લાખ પાત્રોની ચકાસણી દરમિયાન ૫૧૪ ઘરો અને ૬૧૯ પાત્રોમાંથી મચ્છરોના પોરા મળી આવ્યા હતા. ટીમોએ ઘરોની અંદર અને બહાર મળી ૧,૪૭૮ મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરી ૩૨૫ સ્થળો પર ઓઈલ ટ્રીટમેન્ટ કરી હોવાનો દાવો કર્યો છે. આ સિવાય તાવના ૧,૯૦૪ લોહીના નમૂના લેવાયા હતા અને ૪૨ કન્સ્ટ્રક્શન સાઈટ્સ કે શાળાઓની મુલાકાત લેવાઈ હતી, જ્યાં એક પણ મેલેરિયા પોઝિટિવ કેસ મળ્યો નથી.

આટલી વિરાટ કામગીરી ચોપડે બતાવાઈ હોવા છતાં, પ્રત્યક્ષપણે લોકલ વિસ્તારોમાં કોઈ ચેકિંગ ન થતું હોવાની ફરિયાદ ઉઠી રહી છે, જેથી મનપાની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે.

**૧.૨૧ લાખ ઘરોની મુલાકાત અને ૪.૮૬ લાખ વસ્તી કવર કરવાનો આરોગ્ય વિભાગનો દાવો; ગ્રાઉન્ડ પર ટીમો અદ્રશ્ય હોવાનો નગરજનોમાં અચરજ**